ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૧ ટકા

ગાંધીનગર તાપમાન

સરગાસણના ટીપી-૯ વિસ્તારમાં હળવા વરસાદથી પાણી ભરાયાં

પ્રાથમિક સુવિધાનો પ્રથમથી જ અભાવ છે ત્યારે માર્ગો સામાન્ય વરસાદથી પાણી પાણી : લેવલીંગ વગર અને ગુણવત્તા વિહીન કામગીરીથી રહીશોને હાલાકી

ગાંધીનગર, તા.૧

ગાંધીનરમાં મેઘરાજાએ મોડા મોડા પધરામણી કરી છે ત્યારે સમગ્ર પંથકમાં ખુશાલી છવાઈ છે પરંતુ તંત્રના અણઘડ કામોથી પ્રજાજનો ભારે આપદા ભોગવી રહ્યા છે. ગાંધીનગરમાં સમાવિષ્ટ સરગાસણનો ટીપી-૯ વિસ્તાર સામાન્ય વરસાદે જળબંબાકાર બન્યો છે. પ્રથમથી જ પ્રાથમિક સુવિધાથી વંચિત આ વિસ્તારમાં તંત્ર દ્વારા થયેલા કામો લેવલીંગ વગરના અને ગુણવત્તાવિહીન હોવાથી દરેક માર્ગો પર પાણીના ખાબોચીયાં ભરાઈ ગયા છે જે કારણે રાહદારીઓને માર્ગ ઉપર આવવું-જવું કઠીન બન્યું છે તો મેલેરીયા, ડેન્ગ્યુ જેવી બિમારીઓએ માથુ ઉંચકયું છે.

તાજેતરમાં જ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયેલા સરગાસણના ટીપી-૯ વિસ્તારમાં વરસાદી પાણીએ જળબંબાકાર જેવી સ્થિતિ પેદા થઈ છે. અનેક સુવિધાઓથી વંચિત આ વિસ્તાર

તંત્રએ કરેલા કામોથી પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યું છે. ટીપી-૯ પંથકમાં અનેક બાંધકામ સાઈટો ચાલી રહી છે. આ સાઈટો પર મટીરીયલ્સ લઈને આવતા ભારવાહક વાહનોથી પણ માર્ગોની દુર્દશા થવા પામી છે છતાં તંત્ર મુક પ્રેક્ષક બની તમાશો જોઈ રહ્યું છે. આ વિસ્તારમાં ધંધા વ્યવસાયની અનેક દુકાનો આવેલી છે જેમાં પણ પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી ગ્રાહકો માર્ગો પર ભરાયેલા પાણીમાં વાહન પાર્ક કરી રહ્યા છે તો દુકાનો આગળ જ વરસાદી પાણી ભરાયેલા હોવાથી અનેક જીવાતો ખાદ્ય પદાર્થો સાથે ભળી રહી છે. માર્ગો ઉપર ચાલતા નીકળવું મુશ્કેલ બન્યું છે જેથી નિયમિત શાકભાજી કે કરીયાણું ખરીદવા નીકળતી ગૃહિણીઓ ત્રાહીમામ પોકારી ઉઠી છે તો સત્વરે આ પંથકના માર્ગો યોગ્ય અને ગુણવત્તાસભર બનાવાય તેવી માંગ ઉઠી છે.

જન્મદિને વધામણી

ધનંજય આર. જોષી
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮

મોક્ષીત નિશાંત સુતરિયા

વિવેક પરમાર
મો. ૯૯૯૮ ૨૫૬૨૧

ભવ્ય ભાગ્યેશ પારેખ
મો. ૯૨૭૪૦ ૯૩૯૯૧

ગોપાલ એસ પરમાર
યુથ રેડક્રોસ

જનક પુરોહિત
યુથ રેડક્રોસ

પટેલ પાર્થી રોશનભાઈ

વાવોલના બ્રહ્માકુમારીઝ કેન્દ્રમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

ગાંધીનગરના વાવોલ ખાતે બ્રહ્માકુમારીઝ કુમારી કેન્દ્રમાં જન્માષ્ટમીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી કેન્દ્રના સંચાલિકા પૂ.હંસાદીદીના માર્ગદર્શનમાં નાના ભુલકાઓએ કૃષ્ણલીલાના કેટલાક પ્રસંગો ભજવ્યાં હતાં.

ભૂલકાંઓ દ્વારા જન્માષ્ટમીની હર્ષભેર ઉજવણી

કોરોના કાળમાં લાંબા સમય સુધી કોઈપણ પ્રકારની ધાર્મિક કે સામાજિક ઉજવણીઓ થી દૂર રહીને અકળાઈ ઊઠેલા નાગરીકોને આ વખતે રાજયમાં કેસોની સંખ્યા નિયંત્રણમાં હોવાને કારણે સરકાર દ્વારા રાહત મળતા જન્માષ્ટમીનું પર્વ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાયું હતું. આ ઉજવણીમાં બાળકોએ ખુબ જ હર્ષભેર ભાગ લીધો હતો. જન્માષ્ટમીની ઉજવણીમાં હાર્દજ્ઞ જોષી અને રેયાંશ રાવલ નામના બે ભુલકાંઓએ કાનુડો અને ગોવાળનું પાત્ર ઉત્સહથી ભજવ્યું હતું.

સ્મિત ફાઉન્ડેશન દ્વારા જન્માષ્ટમીની ઉજવણી

સ્મિત ફાઉન્ડેશન (જીત પારેખ) અને શ્રી વાસુકી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રીકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે જન્માષ્ટમીના દિવસે દહી હાંડી ઉત્સવ ઉજવાયો હતો. બાળકો કૃષ્ણ, ગોવાળ, ગોપીની વેશભૂષા ધારણ કરી ભકિતમાં તરબોળ બન્યા હતા. સ્મિત ફાઉન્ડેશનના ટ્રસ્ટી આનંદ પારેખ, શ્રી વાસુકી ચેરીટેબલ ટ્રસ્ટના ભાવિક પટેલ, નીતિન રાજપૂત, કિંજલ ગોખલે, લાભુભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વાસુકી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાત્સલ્ય વૃધ્ધાશ્રમમાં અને ઈસ્કોન મંદિરમાં ૨૨૫ કિલો મહાપ્રસાદ અને ૩૦૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વાવોલની સાર્થક સફલ સોસાયટીમાં જન્માષ્ટમીની હર્ષભેર ઉજવણી

સાર્થક સફલ સોસાયટી વાવોલ ખાતે જન્માષ્ટમી નિમિત્તે પ્રમુખ અને ઉપપ્રમુખની આગેવાની હેઠળ યુવાનો દ્વારા કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં બાળકો, બહેનો, માતાઓ અને ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. ભજન, ગરબા, મટકી ફોડ સહિત કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી'ના ગુંજથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું.

આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં જન્માષ્ટમીની ઉજવણી

જન્માષ્ટમી નિમિત્તે ધોરણ ૧ થી ૩ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન 'નાના રાધા કૃષ્ણ' પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નાના રાધા કૃષ્ણની જેમ તૈયાર થયા હતા. આ પ્રવૃત્તિનું આયોજન આશિષભાઈ વસાવાએ કર્યું હતું.

સાર્વજનિક ગણેશોત્સવમાં મહિલાઓ માટે મ્યુઝિકલ હાઉસીનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં સેક્ટર-૨૨ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૫૨માં ગણેશોત્સવ અંતર્ગત ૧૮થી ૭૦ વર્ષની મહિલાઓ માટે વિના મૂલ્યે તા.૧૨મી સપ્ટેમ્બરના રોજ ઓનલાઈન મ્યુઝિકલ હાઉઝીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે દરેક સ્પર્ધકે વ્હોટ્સએપ દ્વારા તા.૮મી સપ્ટેમ્બર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું છે. આ માટે લય અંતાણી મો.નં.૯૮૨૫૩૭૧૭૧૪, કિન્નરી દવે મો.નં.૯૪૨૮૭ ૩૦૭૭૧ અથવા ભવ્યા રાઠોડ મો.નં.૯૬૨૪૪ ૨૧૯૯૯ પૈકી કોઈ એક નંબર પર રજીસ્ટ્રેશન કરાવવાનું છે ત્યારબાદ સ્પર્ધકને આયોજકો દ્વારા ઈ-ટિકિટ ફાળવવામાં આવશે. સ્પર્ધકે આ ઈ-ટિકિટને એક પાના પર પ્રિન્ટ કાઢીને સ્પર્ધા સમયે એક પછી એક રજૂ થતાં ગીતો અનુસાર કોટાની ટિકીટમાં ટીક કરવાનું રહેશે. આ સ્પર્ધામાં કેટેગરીવાઈઝ ઈનામો આપવામાં આવશે અને સ્પર્ધાના નિયમો રજિસ્ટ્રેશન પછી વોટ્સએપ પર જણાવવામાં આવશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

સે-૮ માં બંગલો પચાવી પાડવાનો કારસો ઘડનાર દંપતિ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૧

શહેરના વીઆઈપી સેકટર-૮ ખાતે ૧૧ માસના ભાડા કરાર પર મકાન ભાડે લીધુ હતું. ભાડા કરારની મુદત પુરી થતા મકાન માલિક દ્વારા મકાન ખાલી કરવા માટે જણાવ્યું હતું. છતા ભાડુઆત દંપતિએ ચાર વર્ષ થઈ ગયા હોવા છતા મકાન ખાલી નહી કરી તેમજ ભાડુ પણ ન ચુકવીને મકાન પચાવી પાડવાનો પ્રયત્ન કરતા પતિ-પત્નિ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પ્રકાશ ગોપીચંદ રામરખીયાણી (ઉં.૮૦, નિવૃત, ઈન્દુ બંગ્લોઝ તાજ ઉમેદ હોટલ પાછળ હાંસોલ) પોતાના પરિવાર સાથે રહે છે અને ઈન્સ્પેકશન કમિશનર તરીકે વર્ષ ૨૦૦૦માં નિવૃત થયા હતા. રાજય સરકાર દ્વારા જે તે સમયે વિવિધ સેકટરોમાં રાહતદરે પ્લોટની ફાળવણી કરવામાં આવતી હતી. તે સમયે પ્રકાશ રામરખીયાણીને સેકટર-૮ સી ખાતે પ્લોટ નં.૧૫૪ ફાળવતા રાહતદરે વેચાણ કિં. ૭૯ હજાર ભરપાઈ કર્યા હતા. વર્ષ ૨૦૧૬માં મકાન ખાલી હોવાથી મકાન દલાલીનું કામ કરતા બુટ્ટાસીંગ નામના વ્યકિત દ્વારા વર્ષ ૨૦૧૬માં આંબેડકર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને ભાડે બંગ્લોઝ આપ્યો હતો. ત્યારબાદ ૬ માસ બાદ બંગ્લોઝ ખાલી કરી દેતા બુટા સિંગ દ્વારા વિજય હરીભાઈ ટાંક ને માસિક રૂ.૫૫ હજારના ભાડા પેટે તા.૧-૧૨-૧૬ થી તા.૩૦-૧૧-૧૭ સુધી ભાડા કરાર કરી મકાન રહેવા માટે આપ્યું હતું. છ માસ સુધી નિયમિત ભાડુ આપ્યા બાદ જીએસટીનું બહાનું આગળ ધરીને ભાડુ આપવાનું અનિયમિત કરી દીધુ હતું. કેટલીક વાર ભાડુ પણ આપ્યું નથી અને વિજય ટાંકે મકાન ખરીદી લીધુ હોવાની વાતો વહેતી કરી હતી. જેથી પ્રકાશભાઈએ મકાન ખાલી કરવાનું કહેતા તેણે દિકરીનો અભ્યાસ ચાલુ હોવાનું કહી સમય લંબાવી આપ્યો હતો. નિયત સમય વિતી ગયો હોવા છતા વિજય ટાંકે બંગ્લોઝ ખાલી કર્યો ન હતો. જેથી પ્રકાશભાઈ તેમના જમાઈ મકાન પર ગયા હતા. તે સમયે વિજય ટાંક અને તેમની પત્નિ વીણા બહેન દ્વારા ગાળાગાળી કરીને માથાકુટ કરી હતી. જેથી પ્રકાશભાઈએ કલેકટર કચેરી ખાતે ફરીયાદ નોંધાઈ હતી. વિજય ટાંક અને તેમના પત્નિ વિણા બહેન ટાંક સામે સેકટર-૭ પોલીસ મથકે વધુ એક લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધાયો છે.

સરસ્વતી વિદ્યાલયમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

સરસ્વતી વિદ્યાલય સેકટર-૬માં નેચર ફર્સ્ટના સંયુકત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ હાજરી આપી હતી. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે વૃક્ષોનું મહત્વ અને જીવનમાં વૃક્ષોની ઉપયોગિતા વિશે જણાવ્યું હતું. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાનો સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ સાથે મળીને ઉત્સાહભેર વૃક્ષારોપણ કર્યું હતું.

જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન વેશભૂષા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧

શાળામાં ધોરણ-૨ના વિદ્યાર્થીઓને જુદા જુદા વેશ ધારણ કરીને તેના વિશે વાક્યો બોલાવાની ઓનલાઈન વેશભૂષા સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વાલીઓના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સુંદર મજાના જુદા જુદા વસ્ત્રો ધારણ કર્યા હતા તેમજ ધોરણ-૧માં આસોપાલવના પાંદડામાંથી તોરણ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સરસ મજાના તોરણો બનાવ્યા હતા. શાળાના આચાર્ય નીવાબેને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જયોત્સનાબેન સોલંકીનો નિવૃત્તિ વિદાય સમારંભ

ગાંધીનગર, તા.૧

આરોગ્ય વિભાગ (ક્ષય કેન્દ્ર) ખાતે આંકડા મદદનીશ તરીકે ફરજ બજાવતા જયોત્સનાબેન કે. સોલંકી ૩૧ ઓગસ્ટના રોજ વય નિવૃત્ત થયા હતા. જેથી જિલ્લા ક્ષય કેન્દ્રના અધિકારી દિપકભાઈ પટેલ તથા સ્ટાફ મિત્રોએ જયોત્સનાબેનનો વિદાય સમારંભ રાખ્યો હતો. દિપકભાઈ પટેલે ગીફટ આપી હતી અને સ્ટાફ દ્વારા શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. પટેલ કાળીદાસ અંબાલાલ, ઉ.વ. ૭૨, સેકટર-૩

જિલ્લામાં રાહતકાર્યો શરૂ કરવા 'આપ'નું આવેદનપત્ર

ચોમાસું વરસે નહીં તો ખાલી વરસ જ ના બગડે પરંતુ અનેક જીંદગી દાવ પર લાગી જાય, ક્યાંક કોઈનું ખેતર તો ક્યાંક કોઈના દાગીના ગીરવે મુકાઈ જાય. અડધું ચોમાસું વિતવા છતાં આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં વરસાદ એકેવાર મન મૂકીને વરસ્યો નથી જેના કારણે 'જગતનો તાત' ચિંતામાં મુકાયો છે. સમગ્ર રાજયમાં જ્યાં દુષ્કાળની સ્થિતિ અનુભવાઈ રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ ઓછો વરસાદ પડવાના કારણે જિલ્લામાં રાહત કાર્ય ચાલુ કરવા અને અસરગ્રસ્તોને રાહતો મળે તે માટે આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આપના જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ, સંગઠન મંત્રી સુનિલ પટેલ, મહામંત્રી રણવીરસિંહ રાઠોડ, મંત્રી ગુંજન પ્રજાપતિ, મલ્કેશ પટેલ, ગીરીશ પટેલ, સુરેન્દ્રસિંહ વાઘેલા, વનરાજસિંહ વાઘેલા, તાલુકા પ્રમુખ દેવેન્દ્ર પટેલ તેમજ અન્ય આગેવાનો હાજર રહ્યા હતા.

ઉનાવા સ્વામિનારાયણ મંદિરમાં જન્માષ્ટમીની ઉજવણી

શ્રી નર-નારાયણ દેવના ૨૦૦માં પર્વ નિમિત્તે ઉનાવાના સ્વમિનારાયણ મંદિરમાં જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શ્રી કૃષ્ણ ભગવાનને સુંદર રીતે તૈયાર કરાયા હતા. કૃષ્ણ ભકતોએ મંદિરમાં દર્શન અને આરતી કરીને ધન્યતા અનુભવી હતી.

ફુડાસણ ખાતે જન્માષ્ટમીની ઉજવણી

શ્યામાપ્રસાદ મુખર્જીનગર, ફુડાસણ ખાતે કૃષ્ણ જન્માષ્ટમીના પાવન પ્રસંગે મટકી ફોડ, કૃષ્ણજન્મ તથા સત્સંગનું ખૂબ જ ધામધૂમથી આયોજન કરાયું હતું. સોસાયટીના રહીશોએ રાત્રે ૧૨ વાગે કેક કાપીને નંદ ઉત્સવ મનાવ્યો હતો.

એસ.કે. પટેલ કે.જી. શાળામાં જન્માષ્ટમીની ઉજવણી

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના નાના ભૂલકાં રાધા કૃષ્ણના વેશ ધારણ કરીને સુંદર રીતે તૈયાર થયા હતા. આ પ્રવૃત્તિ ઓનલાઈન યોજાઈ હતી. આચાર્ય દિપાલી જોષીએ નાના બાળકો સાથે ઓનલાઈન વાતો કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

એસ.જી. અને એસ.વી. પ્રાથમિક શાળામાં જન્માષ્ટમીની ઉજવણી

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓએ રાધા કૃષ્ણના વેશ પરિધાન તેમજ ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ભજન અને જન્માષ્ટમી થીમ ઉપર ડેકોરેશન કરી ઓનલાઈન પ્રતિયોગિતામાં ઉત્સાહથી ભાગ લઈ વિવિધતા પૂર્વક વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી.

ગાંધીનગર મનપા દ્વારા ઝુંડાલ વિસ્તારમાં આધાર નોંધણી કેન્દ્ર શરૂ કરાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મનપા દ્વારા ઝુંડાલ તથા આસપાસના રહેવાસીઓ અને નાગરિકોની સગવડ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આધાર નોંધણી કેન્દ્ર ઝુંડાલ ગ્રામ પંચાયત ખાતે શરૂ કર્યું છે. જેનો લાભ ઝુંડાલની તમામ જનતા અને આસપાસના નાગરિકોને લેવા માટે જણાવાયું હતું. જેનો સમયગાળો સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૩૦ સુધીનો રહેશે.